# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref No. PN 2024-25/067 Dt. 24/08/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરત એરપોર્ટ ખાતે ટ્રાફિક સમસ્યાને નિવારવા તેમજ મુસાફરોને પડતી અગવડતાને દૂર કરવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

## મુસાફરોને અપાતા પાર્કીંગ પાસની સમય મર્યાદા વધારવા, પબ્લીક ટ્રાન્સપોર્ટેશન અને પ્રિ પેઇડ ટેક્ષી સર્વિસિસની સુવિધા ઉભી કરવા તેમજ ઓટોરિક્ષાની વ્યવસ્થાને ચાલુ કરવા ચેમ્બર દ્વારા સુરત એરપોર્ટ ડિરેકટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરત એરપોર્ટ ખાતે છેલ્લા કેટલાક દિવસોથી સર્જાતી ટ્રાફિક સમસ્યાને નિવારવા તેમજ મુસાફરોને પડતી અગવડતાને દૂર કરવા માટે સુરત એરપોર્ટ ડિરેકટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, સુરત એરપોર્ટ ખાતે પાર્કીંગ કોન્ટ્રાકટર બદલાયા બાદ ટ્રાફિકની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ છે. સુરત એરપોર્ટની બહાર રસ્તા ઉપર ૨૦૦ મીટર સુધી લાંબી લાઇન લાગે છે. એવામાં સુરત એરપોર્ટ ઓથોરિટી દ્વારા મુસાફરોને જે પાર્કીંગ પાસ આપવામાં આવે છે તેની સમય મર્યાદા માત્ર ૮ મિનિટની હોય છે. જ્યારે ટ્રાફિકને કારણે મુસાફરોને પાર્કીંગ એરિયા સુધી પહોંચતા ૧૫ મિનિટથી વધુનો સમય લાગે છે ત્યારે તેઓની કોઇ પણ પ્રકારની ભુલ વગર તેઓને પેનલ્ટી ચૂકવવાનો વારો આવે છે.

તદુપરાંત, સુરત એરપોર્ટ ઓથોરિટી દ્વારા મુસાફરો માટે પબ્લીક ટ્રાન્સપોર્ટેશનની પણ કોઇ સુવિધા ઉભી કરવામાં આવી નથી. એવામાં સુરત એરપોર્ટની બહાર નીકળ્યા બાદ મુસાફરોને ઓટોરિક્ષા મળી રહેતી હતી, પરંતુ એરપોર્ટ ઓથોરિટી દ્વારા હવે ઓટોરિક્ષાની વ્યવસ્થા પણ નાબૂદ કરી દેવામાં આવી છે. ઓટોરિક્ષાની

વ્યવસ્થા નહી હોવાને કારણે ટેક્ષી એગ્રીગેટરો દ્વારા મુસાફરો પાસેથી વધારે ભાડુ વસૂલવામાં આવે છે, જેથી કરીને સુરત એરપોર્ટ ખાતે મુસાફરોને ભારે હાલાકીનો ભોગ બનવું પડે છે. જેને પગલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત એરપોર્ટ ડિરેકટરને સુરત એરપોર્ટ ખાતે અવ્યવસ્થાના કારણે જે ટ્રાફિક સમસ્યા સર્જાય છે તેને દૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

સાથે જ મુસાફરોને અપાતા પાર્કીંગ પાસની સમય મર્યાદામાં વધારો કરવામાં આવે, સુરત એરપોર્ટ ખાતે મુસાફરોને અવરજવર માટે પબ્લીક ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેમજ મુંબઇ, દિલ્હી અને અમદાવાદ એરપોર્ટની જેમ પ્રિ પેઇડ ટેક્ષી સર્વિસિસની સુવિધા ઉભી કરવામાં આવે તેવી રજૂઆત કરાઇ છે. સુરત એરપોર્ટ ખાતે ઓટોરિક્ષાની વ્યવસ્થાને ચાલુ કરવા માટે પણ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત એરપોર્ટ ડિરેકટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.